જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૭/૫/૨૦૧૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૧૯ /૧૫</u>

<u>ક્રાઇમબ્રાન્ચ :-</u>

નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર, સાયબર સેલ, તથા પો.ઇન્સ. શ્રી એચ. એ. રાઠોડ સા. ના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ. શ્રી જે. એમ. જાડેજા તથા સ્ટાફના માણસોએ ઇરફાન દોષમંહમંદ પઠાણ ઉ.વ.૫૦ રહે. ૬, બાગબાન ડુપલેક્ષ, ન્યુ રીંગ રોડ ગઝાલ ફાર્મની પાછળ ફતેવાડી ગ્યાસપુર, અમદાવાદ નાઓને હપ્તા ચડેલી ગાડીઓ સ્ક્રેપ કરાવી નાખી છેતરપીંડી કરતા એક ઇસમને વટવા ખાતેથી ઝડપી પાડેલ છે.

ઇરફાન પઠાણ ગુજરાતના પાલનપુર, મોરબી, જામનગર, રાજકોટ, આણંદ, નડીયાદ તથા બીજા જીલ્લાઓમાંથી હપ્તા ચડેલી ગાડીઓ અમદાવાદમાં મંગાવી વેચાણ કરારની નોટરી કરાવી ત્યારબાદ સ્ક્રેપ કરાવી નાખી આ ગાડીઓ શ્રીરામ ફાઇનાન્સ, ટાટા ફાઇનાન્સ, મહીન્દ્રા ફાઇનાન્સ, એ.યુ. ફાઇનાન્સ નામની કંપનીઓ ધ્વારા ફાઇનાન્સ થયેલી હતી. તેની પાસેથી ૧૦ જેટલી ગાડીઓની નોટરીની નકલો મળેલ છે.

આ ઉપરાંત ઇરફાન પઠાણે વટવા જી.આઇ.ડી.સી.માંથી ચોરી થયેલ આયસર ગાડી સ્ક્રેપમાં આપી દીધેલ. જેનો મુદ્દામાલ ૪,૦૦,૦૦૦/- રૂપિયાનો કબજે કરેલ છે. આ ઉપરાંત એ. યુ. ફાઇનાન્સ કંપનીએ આણંદ ખાતે છેતરપીંડીની ફરીયાદ લખાવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)